# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ ( ૧ થી ૬ નવેમ્બર, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

**ખેત આબોહવા સલાહ**

| | વાસ્તવિક વરસાદ | | | | | | | | ભારતીય હવામાન શાખાની આગાહી | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓક્ટોબર | | | | | | | નવેમ્બર | | | | | |
| તારીખ | ૨૦–૨૬ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | |
| ગુજરાત | | | | | | | | | | | | | | સુરત ખાતે કપાસનો પાક ફુલ અને જીંડવા વિકાસની અવસ્થાએ છે. નિંદામણ કાર્યો પૂર્ણ થયેલ છે. કેટલાંક સ્થળોએ લીલાં તડતડીયાંનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ નોંધાયેલ છે. સુરત ખાતેથી ભરૂચ જીલ્લાનાં આઠ ગામોમાં મોજણી કરતાં કરમાદ, ઉમરા, બોજાદરા, ઉમરપાડા, ડેડીયાપાડા અને ચાસવડ ગામોનાં બે સ્થળોએ લીલાં તડતડીયાંનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ નોંધાયેલ છે. કેટલાંક ખેતરોમાં ખૂણિયાં ટપકાંનો રોગ નોંધાયેલ છે. કરમાદ, ઉમરા અને ડેડીયાપાડા ગામોએ ગુલાબી ઈયળનો ઉપદ્રવ એકાદ સ્થળે આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ જોવા મળેલ છે. જુનાગઢ ખાતેથી બે ગામોમાં મોજણી કરતાં જલનસર અને જમનાવાદ ગામોએ એક સ્થળે લીલાં તડતડીયાંની વસ્તી આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ નોંધાયેલ છે. ખેડુતો દ્વારા ગુલાબી ઈયળ સામે સંરક્ષણાત્મક (આગોતરા) દવાનાં છંટકાવ અગમચેતીરૂપે કરવામાં આવી રહેલ છે. ખેડુતોને ગુલાબી ઈયળ સામે ફેરોમોન ટ્રેપ વપરાશ કરવા અને ફેરોમોન ટ્રેપમાં સતત ત્રણ રાત્રિ સુધી આઠ ફુદાં પકડાવાની આર્થિક ક્ષમ્યમાત્રાએ જંતુનાશક દવા છંટકાવની સલાહ છે. બિનવિવેકપૂર્ણ દવાના વપરાશથી આડઅસર થવાની સંભાવના રહે છે જેનાથી કિટકમાં પુનઃરુત્થાન (રીસર્જન્સ) થઈ શકે. |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સાંબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |

| નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૦–૫૦ | ૫૦–૮૦ | > ૮૦ |

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm